# કૃષિ મહાવિદ્યાલય
## આણંદ કૃષિ યુનિવર્સિટી
### જબુગામ, તા: બોડેલી, જી. છોટા ઉદેપુર – ૩૯૧૧૫૫


## કૃષિ મહાવિદ્યાલય, જબુગામના વિદ્યાર્થીઓ માટે સુવર્ણચંદ્રક એનાયત કરવા અનુદાન મળ્યું

જબુગામ ખાતે આણંદ કૃષિ યુનિવર્સિટી હસ્તક ચાલતા કૃષિ મહાવિદ્યાલયના વિદ્યાર્થીઓને પ્રોત્સાહન મળી રહે તે માટે “ગોલ્ડ પ્લેટેડ સિલ્વર મેડલ” નું અનુદાન આપવામાં આવ્યું. સદર અનુદાન મૂળે છોટાઉદેપુર જિલ્લાના બોડેલી તાલુકાના સુર્યાઘોડા ગામના વતની ડૉ. એચ. આર. પટેલ કે જેઓ આણંદ કૃષિ યુનિવર્સિટીમાં સહ સંશોધન નિયામક તથા બીડી તમાકુ સંશોધન કેન્દ્રમાં સંશોધન વૈજ્ઞાનિક તરીકે ફરજ બજાવી નિવૃત્ત થયા હતા, તેઓશ્રી દ્વારા કૃષિ મહાવિદ્યાલય, જબુગામના વિદ્યાર્થીઓને અભ્યાસમાં પ્રોત્સાહિત કરવા તથા તેમની કારકિર્દીમાં ફાયદો થાય તે હેતુથી કુલ બે “ગોલ્ડ પ્લેટેડ સિલ્વર મેડલ” માટે યુનિવર્સિટીના પ્રવર્તમાન નીતિ નિયમાનુસાર આણંદ કૃષિ યુનિવર્સિટી ને અનુદાન કરવામાં આવ્યું. તેઓશ્રીએ એક ગોલ્ડ પ્લેટેડ સિલ્વર મેડલ તેમના મામાશ્રીઓની યાદમાં **"Dr. H. R. Patel’s Maternal Uncles Shri Ramanbhai, Jagjivanbhai & Ramchandra Patel Memorial Gold Plated Silver Medal "** નામાભિધાન સાથે વનસ્પતિ રોગશાસ્ત્ર વિષયમાં તથા બીજો મેડલ તેમના માતાપિતાની યાદમાં **"Ram Parivar’s Smt. Madhuben & Ramjibhai Bhagat, Suryaghodawala Memorial Gold Plated Silver Medal"** નામાભિધાન સાથે કીટક શાસ્ત્ર વિષયમાં ચાર વર્ષના અભ્યાસના અંતે સૌથી વધુ માર્કસ મેળવનાર વિદ્યાર્થીને મળે તે માટે કુલ ચાર (૦૪) લાખ રૂપિયાનું અનુદાન કરેલ છે. સદર ચંદ્રકો દર વર્ષે આણંદ કૃષિ યુનિવર્સિટીના પદવીદાન સમારંભમાં બન્ને વિષયોમાં સૌથી વધુ માર્ક્સ મેળવનાર કૃષિ મહાવિદ્યાલય, જબુગામના વિદ્યાર્થીઓને આપવામાં આવશે. વિદ્યાર્થીઓ માટે ઉપરોકત અનુદાન આપવા બદલ સર્વે કૃષિ મહાવિદ્યાલય, જબુગામ પરિવાર દાતાશ્રીનો ખૂબ ખૂબ આભાર માને છે તથા હર્ષની લાગણી અનુભવે છે.




NOTICE


NOTICE



**********